# :: હંગામી જાહેરનામું ::

ધી ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, અન્વયે કાઢેલ હુકમ
ક્રમાંકઃટફક/ઉધના દરવાજા જંકશન/મેટ્રો રેલ/જાહેરનામું/૨૪૫૪/૨૦૨૫

પોલીસ કમિશનરની કચેરી,
સુરત શહેર.
તા.૦૪/૦૩/૨૦૨૫

પોલીસ કમિશનર સુરત શહેર, સુરત.

સુરત શહેર વિસ્તારમાં મેટ્રો રેલ્વે બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. તે અંગે ઉધના દરવાજા જંકશન પોઇન્ટ ખાતે મેટ્રો સ્ટેશનની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર હોય જેથી ઉધના દરવાજા ચાર રસ્તા ખાતે રોડની વચ્ચે મેટ્રો સ્ટેશનનું કામકાજ ચાલુ થતાં સદર જગ્યાએ બેરીકેટીંગ થવાથી રોડ સાંકડો થઇ જવાથી અઠવા ગેટથી રેલ્વે સ્ટેશન તથા અઠવા ગેટ તરફથી સચીન તરફ જવા વાળા વાહનોના કારણે ટ્રાફિક જામ થવાની પુરે પુરી શક્યતાઓ રહેલ હોય તેમજ મેટ્રો રેલ ની અગત્યની કામગીરીમાં અડચણ થવાની શક્યતા હોય સહારા દરવાજા, રીંગરોડ કમેલા દરવાજા, કિન્નરી સિનેમા ત્રણ રસ્તા, ઉધના દરવાજા, મજુરા ગેટ તથા અઠવા ગેટ સુધીના જતા-આવતા બન્ને રોડ ઉપર ભારદારી વાહનો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂરીયાત હોય જેના લીધે મહદઅંશે ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો કરી શકાય તેમ હોય મેટ્રો રેલના કામકાજ વાળા માર્ગ ઉપર તા.૧૦/૦૩/૨૦૨૫ થી તા.૧૦/૦૪/૨૦૨૫ સુધી સવારનાં ક.૦૮/૦૦ થી રાત્રીનાં ક.૨૩/૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારના ભારે વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે સહારા દરવાજા, રીંગરોડ, કમેલા દરવાજા, કિન્નરી સિનેમા ત્રણ રસ્તા, ઉધના દરવાજા, મજુરા ગેટ તથા અઠવા ગેટ સુધીના મેટ્રો રેલ માટે ચાલનાર બાંધકામ અનુસંધાને ટ્રાફિક સુચારૂ રીતે ચાલે અને ટ્રાફિકની કોઇ સમસ્યા ન ઉદભવે તે હેતુસર સદર રૂટ ઉપર તા.૧૦/૦૩/૨૦૨૫ થી તા.૧૦/૦૪/૨૦૨૫ સુધી સવારનાં ક.૦૮/૦૦ થી રાત્રીનાં ક.૨૩/૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારનાં ભારે વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

| અ.નં. | પ્રતિબંધ રૂટ | વૈકલ્પીક રૂટ |
|---|---|---|
| ૧ | રોકડીયા હનુમાન મંદીરથી ઉધન દરવાજા સુધી નો રોડ | (૧) ઉધના તરફથી સુરત રેલ્વે સ્ટેશન તરફ જવા માટે રોકડીયા ચાર રસ્તાથી ભાઠેના તરફથી કિન્નરી સિનેમા થઇ જઇ શકાશે<br>(૨) ઉધના તરફથી અઠવા ગેટ તરફ જવા માટે રોકડીયાથી સોસ્યો સર્કલ થઇ જઇ શકાશે |
| | | સુરત સ્ટેશન થી અઠવા ગેટ તથા ઉધના, સચીન તરફ જવા માટે કિન્નરી સિનેમાથી ભાઠેના નહેર થઇ રોકડીયાથી સોસ્યો સર્કલથી ઉધના મગદલ્લા રોડ થઇ જઇ શકાશે. |

| | | |
|---|---|---|
| ૨ | યુનિક હોસ્પીટલથી કડીવાલા ચાર રસ્તા સુધીનો રોડ | (૧) યુનિક હોસ્પીટલ તરફથી અઠવા ગેટ તથા સુરત રેલ્વે સ્ટેશન તરફ જવા માટે યુનિક હોસ્પીટલથી રોકડીયા ચાર રસ્તાથી ભાઠેના તરફથી કિન્નરી સિનેમા થઇ જઇ શકાશે<br>(૨) યુનિક હોસ્પીટલથી અઠવા ગેટ તરફ જવા માટે યુનિક હોસ્પીટલ થઇ પ્રજાપિતા બ્રહ્માકુમારીથી એલ.બી.ટર્નીંગ થઇ જઇ શકાશે.<br>સુરત સ્ટેશનથી અઠવાગેટ તથા અડાજણ, રાંદેર તરફ જવા માટે ઉધના દરવાજા ઓવર બ્રીજથી કડીવાલા ઓવર બ્રીજ થઇ જઇ શકાશે. |
| ૩ | એલ.બી.ટર્નીંગ થી મજુરા ગેટ સુધીનો રોડ | (૧) એલ.બી.ટર્નીંગ તરફથી સુરત રેલ્વે સ્ટેશન તરફ જવા માટે એલ.બી. ટર્નીંગથી મજુરા ગેટ ઓવર બ્રીજ થઇ જઇ શકાશે<br>(૨) એલ.બી.ટર્નીંગ તરફથી અઠવા ગેટ તરફ જવા માટે એલ.બી.ટર્નીંગ થી તુલી હોસ્પીટલ થઇ ગોકુલમ ડેરી થઇ જઇ શકાશે |
| ૪ | આદર્શ સોસાયટી તરફથી આવતો રસ્તો | (૧) આદર્શ સોસાયટી તરફથી અઠવાગેટ તરફ જવા માટે ગોકુલમ ડેરી થી સેવન્ડે સ્કુલ થઇ જઇ શકાશે<br>(૨) આદર્શ સોસાયટી તરફથી નાનપુરા તરફ જવા માટે ગોકુલમ ડેરીથી તુલી હોસ્પીટલ થઇ એલ.બી.ટર્નીંગ પોઇન્ટ થઇ જઇ શકાશે |
| ૫ | પોલીસ હેડક્વાર્ટસથી અઠવા ગેટ સુધીનો રોડ | (૧) પોલીસ હેડ ક્વાટ્ર્સથી અઠવાગેટ તરફ જવા માટે પોલીસ હેડ ક્વાર્ટસથી ઉમરા પોલીસ સ્ટેશનથી જલારામ ડેરીથી ગોકુલમ ડેરીથી જુની RTO તરફ થઇ જઇ શકાશે<br>(૨) પોલીસ હેડ ક્વાટ્ર્સથી રેલ્વે સ્ટેશન, ઉધના દરવાજા તરફ જવા માટે પોલીસ હેડક્વાર્ટસથી ઉમરા પોલીસ સ્ટેશનથી યુનિયન પાર્કથી ઇશ્વરફાર્મ તરફ થઇ જઇ શકાશે<br>(૩) પોલીસ હેડક્વાટ્ર્સથી રાંદેર, અડાજણ, નાનપુરા તરફ જવા માટે પોલીસ હેડક્વાર્ટસથી કેબલ બ્રીજથી ગુજરાત ગેસ સર્કલ તરફ થઇ જઇ શકાશે. |
| ૬ | અઠવા ગેટ થી ગુજરાત ગેસ સર્કલ સુધીનો બ્રીજ | (૧) અઠવા ગેટથી રાંદેર તરફ જવા માટે અઠવાગેટથી જુની બહુમાળી બિલ્ડીંગથી મક્કાઇ પુલ થઇ જઇ શકાશે<br>(૨) અઠવાગેટથી રાંદેર, અડાજણ તરફ જવા માટે વનિતા વિશ્રામ ગેટ સામેના બ્રીજ ઉપરથી અડાજણ ચાર રસ્તાથી સ્ટાર બજાર થઇ જઇ શકાશે |
| ૭ | સરદાર માર્કેટ અવધ માર્કેટ સામે બ્રીજ ચઢતાથી સહારા દરવાજા, રીંગરોડ કમેલા દરવાજા, કિન્નરી સિનેમા ત્રણ રસ્તા, ઉધના દરવાજા, સબ જેલ, મજુરા ગેટ અઠવાગેટ, ગુજરાત ગેસ સર્કલ તરફ જતા ભારે વાહન પ્રતિબંધ | (૧) રાંદેર, અડાજણ, પાલ તરફ જતા ૩.૫૫ મીટરથી નીચી ઉચાઇ ધરાવતા ભારે વાહનો સ્મીમેર ગરનાળાથી સહારા દરવાજા, લાલ દરવાજા, ગોટાલાવાડી સર્કલ બ્રીજ થઇ જીલ્લાની બ્રીજ પર થઇ રાંદેર જઇ શકશે.<br>(૨) અડાજણ, પાલ, ઇચ્છાપોર જતા ભારે વાહનો બોમ્બે માર્કેટ સર્કલથી યુ-ટર્ન લઇ પર્વત પાટીયાથી BRTS નહેર રોડ, કેશવનગર ચોકી સર્કલ, ભાઠેના ઓવરબ્રીજ, રોકડીયા હનુમાન મંદિર સર્કલ થઇ ઉધના સચીન તરફ તથા નવજીવન સર્કલ, ભટાર ઓવરબ્રીજ, જોલી પાર્ટી પ્લોટ ચાર રસ્તા, રાહુલરાજ મોલ ત્રણરસ્તા, SVNIT સર્કલ, પાલ પાટીયાથી અડાજણ, ઇચ્છાપોર તરફ જઇ શકશે. |

| | | |
|---|---|---|
| ૮ | ફાલસાવાડી સર્કલ રીંગરોડ બ્રીજ ચઢતા થી સહારા દરવાજા, રીંગરોડ કમેલા દરવાજા, કિન્નારી સિનેમા ત્રણ રસ્તા, ઉધના દરવાજા સબ જેલ, મજુરા ગેટ, અઠવા ગેટ, ગુજરાત ગેસ સર્કલ તરફ જતા ભારે વાહન પ્રતિબંધ | (૧) રાંદેર, અડાજણ, પાલ, ઇચ્છાપોર તરફ જતા ભારે વાહન ફાલસાવાડી સર્કલથી દિલ્હીગેટ ઓવરબ્રીજ, ગોટાલાવાડી સર્કલ બ્રીજ થઇ જીલ્લાની બ્રીજ પર થઇ રાંદેર, અડાજણ, પાલ, ઇચ્છાપોર જઇ શકશે.<br>(૨) ઉધના, સચીન, અડાજણ, પાલ, ઇચ્છાપોર તરફ જતા ૪.૫ મીટરથી નીચી ઉચાઇ ધરાવતા ભારેવાહનો ફાલસાવાડીથી બોમ્બે માર્કેટ ઓવરબ્રીજથી આઇમાતા, પર્વત પાટીયાથી BRTS નહેર રોડ, કેશવનગર ચોકી સર્કલ, ભાઠેના ઓવરબ્રીજ, રોકડીયા હનુમાન મંદિર સર્કલ`થઇ ઉધના સચીન તરફ તથા નવજીવન સર્કલ, ભટાર ઓવર બ્રીજ, જોલી પાર્ટી પ્લોટ ચાર રસ્તા, રાહુલરાજ મોલ ત્રણરસ્તા, SVNIT સર્કલ, પાલ પાટીયાથી અડાજણ, ઇચ્છાપોર તરફ જઇ શકશે.<br>(૩) ઉધના, સચીન, અડાજણ, પાલ, ઇચ્છાપોર તરફ જતા ૪.૫ મીટરથી વધુ ઉચાઇ ધરાવતા ભારેવાહનો ફાલસાવાડી સર્કલથી દિલ્હીગેટ ઓવરબ્રીજ, ગોટાલાવાડી સર્કલ બ્રીજ થઇ જીલ્લાની બ્રીજ પર થઇ, ધબકાર સર્કલ, ગુજરાત ગેસ સર્કલ, સ્ટારબજાર ઓવર બ્રીજથી SVNIT સર્કલ, રાહુલ રાજ મોલ ત્રણ રસ્તા, જોલી પાર્ટી પ્લોટ, ભટાર ઓવરબ્રીજ, નવજીવન સર્કલ, ઉધના સચીન જઇ શકશે. |
| ૯ | સુરત રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, દિલ્હીગેટ, અમિષા હોટલ, લાલ દરવાજા, વૈશાલી ત્રણ રસ્તા તરફ જતા ભારે વાહન પ્રતિબંધ | (૧) વરાછા, કામરેજ તરફ જતા ભારે વાહનો ફાલસાવાડી સર્કલથી યુ-ટર્ન લઇ દિલ્હીગેટ ઓવરબ્રીજ ગોટાલાવાડી સર્કલથી જમણે ટર્ન લઇ ટોરંટ પાવર ઓફીસ, કિરણ હોસ્પીટલ, નગીનાવાડી સર્કલથી બ્રીજ પરથી વરાછા તરફ જઇ શકશે.<br>(૨) વરાછા, કામરેજ તરફ ફક્ત આવશ્યક ચીજ વસ્તુ વહન કરતા તથા GSRTC, BRTS બસ ૧૨.૫ ફુટથી નીચી ઉચાઇ ધરાવતા ભારે વાહનો આયુર્વેદિક ગરનાળાથી વૈશાલી ત્રણ રસ્તા તરફ જઇ શકશે. |
| ૧૦ | કામરેજ, કાપોદ્રા તરફથી વૈશાલી ત્રણ રસ્તા, સુરત રેલ્વે સ્ટેશન તરફ જતા ભારે વાહન પ્રતિબંધ | પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર નાઓના જાહેરનામા ક્રમાંક : ટ્રાફિક/ ડાયવર્ઝન / ફલાય ઓવરબ્રીજ બાંધકામ / જાહેરનામુ / ૪૩૭ / ૨૦૨૫ તા.૧૬/૦૨/૨૦૨૫ મુજબ.<br>(૧) કામરેજ, કાપોદ્રા તરફથી સુરત રેલ્વે સ્ટેશન તરફ જતા ભારે વાહનો કાપોદ્રા ચાર રસ્તાથી ટર્ન લઇ રચના સર્કલ, ગાયત્રી ત્રણ રસ્તા ટર્ન લઇ સીતાનગરથી કાંગારૂ સર્કલ તરફથી બોમ્બે માર્કેટ તરફ જઇ શકાશે<br>(૨) કતારગામ તરફ જતા ભારે વાહનો હિરાબાગ સર્કલથી ટર્ન લઇ અશ્વિનીકુમાર રોડ ગૌશાળા સર્કલ થઇ ઉત્કલનગર ઓવરબ્રીજથી કતારગામ તરફ જઇ શકાશે. |

પોલીસ કમિશ્નર સુરત શહેર સુરત

**:: અપવાદ ::**

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એબ્યુલન્સ તથા અન્ય ઇમરજન્સી વાહનો જેમ કે પોલીસના વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૦/૦૩/૨૦૨૫ થી તા.૧૦/૦૪/૨૦૨૫ સુધી સવારનાં ક.૦૮/૦૦ થી રાત્રીનાં ક.૨૩/૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતાં અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ તથા લાગુ પડતી અન્ય કાનુની જોગવાઇઓ સહિત ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
सत्यमेव जयते
સુરત શહેર, સુરત.

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

<u>**સવિનય નકલ રવાના :-**</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન

કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)

(૨૦) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ, સુરત.

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
સુરત શહેર, સુરત.